| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૦૭ | ૦૬ | ૨૦૨૫ |
| દાખલ તારીખ : | ૦૭ | ૦૬ | ૨૦૨૫ |
| ફેસલ તારીખ : | ૨૯ | ૦૬ | ૨૦૨૬ |
| અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | ૨૨ | ૦૦ | ૦૧ |

**મે.જુનાગઢ ખાતેનાં મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી સમક્ષ, મુ.જુનાગઢ.**

**રીકવરી ૩૩(સી.૧) અરજી નં.૦૫/૨૦૨૫**
**આંક : ૨૭**

**અરજદાર : –** અરવિંદકુમાર મૂળદાસ ગોંડલીયા,
શ્રીનાથજી એપાર્ટમેન્ટ, બ્લોક નં.૮,
લોહાણા, મહાજન વંડી પાસે,
મું.વેરાવળ, જી.ગીર સોમનાથ.

**– : : વિરૂધ્ધ : : –**

**સામાવાળાઓ : –** ૧) વેરાવળ પાટણ સંયુકત નગરપાલીકા વેરાવળ,
થ્રુ.ચીફ ઓફીસરશ્રી,
વેરાવળ પાટણ સંયુકત નગરપાલીકા કચેરી વેરાવળ,
જી.ગીર સોમનાથ, મું.વેરાવળ–૩૬૨૨૬૫

૨) પ્રાદેશીક કમિશનરશ્રી,
પ્રાદેશીક નગરપાલીકા કમિશનરશ્રીની કચેરી,
''મહાત્મા ગાંધી સદન'', મોતીબાગ ટાઉનહોલ,
મું. ભાવનગર.

**બાબત: આઈ.ડી. એકટની કલમ: ૩૩(સી)(૧) હેઠળ અરજી**

**અરજદાર તરફે** : – વિ.પ્રતિનિધીશ્રી કે. એન. સોલંકી
**સામાવાળાઓ તરફે** : – વિ.વકીલશ્રી જે.બી.સાવલીયા

**– : : હુ ક મ : : –**

**(૧)** આ કામના અરજદારની હાલની આંક–૧ ની અરજીની ટુંકમા હકિકત એવી છે કે, અરજદાર સામાવાળા નં.૧ ની કચેરીમાં તા.૧૦/૮/૧૯૯૫ નારોજથી હાઉસ ટેક્ષ શાખામાં કલાર્ક તરીકે કાયમી પ્રકારની કામગીરી કરતા હતા અને તા.૩૧/૧૨/૨૦૨૪

નારોજ નિવૃત થયેલ છે. અરજદારને સામાવાળા નં.૧ નાએ નોકરીમાં કાયમી ના કરતા તેઓએ રેફરન્સ આઈ.ટી. ૨૨૫/૨૦૦૩ દાખલ કરેલ જેનો તા.૨૧/૮/૧૫ નારોજ હુકમ થયેલ અને એવોર્ડનુ પાલન કરતા સામાવાળા નં.૧ અને નં.૨ સામે નામદાર મજુર અદાલતમાં રીકવરી સી-૨ અરજી નં.૩૭/૨૩ દાખલ કરેલ જે અંશત: મંજુર કરવામાં આવેલ. ઉપરોકત નામદાર ઔધોગિક કોર્ટ રાજકોટના હુકમ સામે સામાવાળા નં.૧ નાઓ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં.૨૦૯૬૮/૨૦૧૫ દાખલ કરેલ જે તા.૨૨/૧૧/૧૬ ના હુકમથી ડીસમીસ કરેલ છે જેની સામે ફરી સામાવાળા નં.૧ નાએ આર./એમઆઈએસસી.સિવિલ એપ્લીકેશન (ફોર કન્ટેમ્પ્ટ) નં.૩૨૯૪/૨૦૧૭ કરેલ જે તા.૨૪/૧૦/૨૦૧૯ ના હુકમથી સામાવાળા નં.૧ નાએ તેમના કાર્યાલય આદેશ નં.આંક:મ્યુની/વહીવટી/૯૯૫, તા.૧૭/૯/૨૦૧૯ ના આદેશથી કાયમી કરેલ અને ત્યારબાદ સામાવાળા નં.૧ નાએ ફરી તેમના કાર્યાલય આદેશ નં. આંક: મ્યુની/મહેકમ/૧૧૬૨/૨૦૧૯, તા.૭/૧૦/૨૦૧૯ થી તેમનો નોશનલ પગારનુ ફીકસેશન કરેલ છે. ખરેખર નામદાર ઔધોગિક ન્યાય પંચ રાજકોટના તા.૨૧/૮/૧૫ ના હુકમ મુજબ અમારો પગાર તા.૧૦/૮/૧૯૯૫ થી નોશનલ પગાર ફીકસ કરવો જોઈએ તે મુજબ કરેલ નથી. વધુમાં સામાવાળા નં.૧ અને નં.૨ સામે રીકવરી અરજી દાખલ કરેલ હતી જેનો તા.૮/૧૦/૨૪ નારોજ હુકમ આવેલ જે હુકમ સામે આ કામના સામાવાળા નં.૧ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં.૧૨૩૪/૨૦૨૫ દાખલ કરેલ જેનો હુકમ તા.૯/૪/૨૦૨૫ નારોજ એડમીશન સ્ટેજે ડીસમીસ થયેલ ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી કોઈ મનાઈ હુકમ આપવામાં આવેલ નથી કે મનાઈ હુકમની કોઈ નોટીસ તેઓને મળેલ નથી. વધુમાં રીકવરી સી-૨ અરજી નં .૩૭/૨૦૨૩ તા.૮/૧૦/૨૪ ના સદરહુ હુકમ મુજબનુ પાલન કરવા અંગે અરજદારે સામાવાળા નં.૧ ને તા.૧૪/૫/૨૦૨૫ નારોજ રજી.એડી.થી પત્રથી જાણ કરવા છતા તેમજ ત્યારબાદ અનેક વખત રૂબરૂ મળી મૌખીક રીતે જાણ કરવા છતા સામાવાળા નં.૧ તરફથી નામદાર કોર્ટના હુકમનુ પાલન કરવામાં આવેલ નહી. નામદાર કોર્ટના હુકમનુ કાયમીનુ પગાર ધોરણ આપવાનુ થાય છે તે મુજબ કાયદેસરની

પગાર તફાવતની રકમ ચુકવી આપવા અંગેની માંગણી કરવા છતા તેનો સામાવાળા નં.૧,૨ નાઓ તરફથી કશો જવાબ આપવામાં આવેલ નહી તેમ રકમ પણ ચૂકવવામાં આવેલ નહી. અરજદારનો નામદાર ઔદ્યોગિક ન્યાયપંચ રાજકોટ ના રેફ.(આઈ.ટી.) નં .૨૨૫/૨૦૦૩ તા.૨૧/૮/૧૫ ના કરેલ હુકમ મુજબ પગાર ગ્રેડેશન તથા નોકરી પરત્વેના અન્ય તમામ લાભો અને આજ સુધીની પગાર તફાવતની રકમ ચૂકવી આપવા અંગેનો જે હુકમ કરેલ છે જે હુકમ મુજબ લેણી રકમ રૂા.૮,૪૯,૪૩૩/- રીકરવી સી-૨ અરજી નં.૩૭/૨૦૨૩ ના તા.૮/૧૦/૨૦૨૪ ના હુકમ મુજબની રકમ અને તે હુકમ મુજબ તા.૮/૧૧/૨૦૨૪ થી આ રકમ ચુકવવામાં ત્યાં સુધીનુ ૭% લેખે વ્યાજની રકમ તથા અરજી ખર્ચની રકમ રૂા.૨૦૦૦/-નુ રેવન્યુ રાહે વસુલાત થવા પ્રમાણપત્ર કાઢી આપવા હુકમ કરવા અરજ કરેલ છે. તેમજ સદરહુ હુકમ મુજબ નિયત સમયમર્યાદામાં રકમ ચૂકવેલ ન હોયને જે પગાર તફાવતની થતી ચૂકવવા પાત્ર/મળવાપાત્ર રકમ ઉપર તા.૮/૧૧/૨૦૨૪ થી આ રકમ ચૂકવવામાં આવે ત્યાં સુધી ૧૮% લેખે વ્યાજ સામાવાળા નં.૧ પાસેથી અપાવવાનો ન્યાયી હુકમ કરવા તેમજ અરજીના ખર્ચ પેટે રકમ રૂા.૨૫,૦૦૦/- સામાવાળા નં.૧ ચૂકવી આપે તેવો ન્યાયી હુકમ કરવા તેમજ નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી અન્ય ન્યાયીક દાદો અપાવવા નમ્ર અરજ કરેલ છે.

(૨) ત્યારબાદ સામાવાળાઓને નોટીસ ધોરણસર બજી જતા સામાવાળા નં.૧ નાઓ તેમના વકીલશ્રી મારફત હાજર થઈ આંક-૧૫ થી લેખીત જવાબ રજુ કરેલ છે તેમા તેઓએ જણાવેલ છે કે, અરજદારની અરજી ખરી અને શુધ્ધ બુધ્ધી પુર્વકની ન હોય રદ કરવા અરજ છે. વધુમાં જે એવોર્ડ થયેલ તેની સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન થયેલ અને તે ફેસલ થયેલ. એવોર્ડ મુજબના લાભ અરજદારને આપેલ છે અને અપાય છે અરજદાર ૨૦૨૪ માં નિવૃત થયેલ છે. વધુમાં અરજદાર ધ્વારા આઈ.ડી.એકટ ની કલમ-૩૩(સી)(૨) અન્વયે કરેલ અરજીમાં થયેલ હુકમ સામે નગરપાલીકા તરફે નામ.ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન કરેલ જે રદ થયેલ તે સામે વિલંબથી એલ.પી.એ. દાખલ કરેલ છે જે બોર્ડમાં સુનવણી માટે મુકરર થવામાં છે જેનુ સ્ટેટસ

તેઓ મેળવીને રજુ કરશે. સબબ હાલની અરજીની કાર્યવાહી મોકુફ રાખવા સામાવાળાની અરજ છે નામ.ગુજરાત હાઈકોર્ટમાં મેટર પેડીંગ છે. વધુમાં આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(ર) અન્વયે મુળ અરજીમાં તેમની તકરાર ચાલવાપાત્ર નથી. અરજદારનો કોઈ સ્થાપીત હકક નથી. અરજદાર જે રકમ માંગે છે તે બાબતે કોઈ અધિકૃત આધાર નથી. મનઘડીત રીતે આંકડા જણાવેલ છે. જયારે વર્ષ–ર૦૧૫ ના એવોર્ડની અમલવારી થઈ ગયેલ છે. અરજદાર ધ્વારા તે મુજબનો પગાર નિયત થયેલ તે સ્વીકારેલ એરીયર્સ કોઈ વાંધા વગર સ્વીકારેલ કોઈ તકરાર જે તે વખતે પણ લીધેલ નહી. તેઓનુ એવોર્ડમાં જણાવેલ તે મુજબ પગાર ફીકસેશન કરી અને જયારથી ર૪૦ દિવસ થયા ત્યારથી પગાર ફીકસેશન કરી અને રકમ ચુકવી દીધેલ અરજદારે તે સ્વીકારી લીધેલ બાદ ઘણા વિલંબ બાદ હાલની અરજી કરેલ છે મજુર કાયદાનો ગેરલાભ લેવાના ઈરાદા સબબ અરજી લાવેલ છે જે તકરાર તેઓએ એલ.પી.એ.માં લીધેલ છે તે નિર્ણય થવામાં છે. વધુમાં મુળ અરજીની વિગતો ખરી કે કાયદેસરની નથી નામ.ઔધોગીક અદાલતના રેફરન્સ આઈ.ટી.નં.રર૫/ર૦૦૩ ના હુકમ મુજબ નગરપાલીકા કચેરી ધ્વારા એવોર્ડ મુજબ અમલવારી બાબતે તા.૧૭/૯/ર૦૧૯ ના આદેશ બહાર પાડેલ અને અરજદારનો જે નામદાર અદાલત ધ્વારા એવોર્ડમાં જણાવેલ તે મુજબ નોશનલ ગણી અને પગાર ફીકસ કરેલ છે અને તે મુજબનુ એરીયર્સ પણ ચુકવેલ છે જે ઓર્ડર અનચેલેન્જ છે. કામદારે તે સ્વીકારી તે મુજબના લાભાલાભ મેળવે છે બાદમાં સમય મર્યાદા બાદ સદરહુ હુકમ વિરૂઘ્ધ રીકવરી કરેલ છે. અરજદાર ધ્વારા હાલની રીકવરી અરજીમાં માંગેલ રકમ એવોર્ડ મુજબની નથી. જે સ્ટેટમેન્ટ રજુ છે તે કોઈ અધિકૃત આધાર વગર મનઘડીત છે. ગમે તેમ પગાર ગણતરી કરવામાં આવેલ જે અરજદાર માંગવા મેળવવા હકકદાર નથી. એવોર્ડ બાદથી તેના અમલ સુધીની રકમ અરજદાર ગણતરી મુજબની માંગવા મેળવવા હકકદાર બનતા નથી અરજદારે રીકવરી અરજીમાં અન્ય ઉપરોકત વિગતે કબુલ કર્યા સિવાયની બાબતનો સામાવાળા ધ્વારા આથી ઈન્કાર કરે છે તે મુજબનો સામાવાળાનો બચાવ છે જે ઘ્યાને લેવા અરજ કરેલ છે.

J.S.JADAV
JUDGE(J.D),LABOUR COURT,JUNAGADH

(૩) ત્યારબાદ સામાવાળા નં.૨ ને નોટીસ ધોરણસર બજી જતા સામાવાળા નં.૨ નાઓ તરફે કોઈ હાજર થયેલ ન હોય કે કોઈ રજુઆત કરેલ ન હોય તેથી આંક-૧ નીચે એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ અરજદાર તરફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**અરજદાર તરફે મૌખીક પુરાવો**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર અરવિંદકુમાર મૂળદાસ ગોંડલીયાનુ સરતપાસનુ સોગંદનામું | ૧૭ |

**અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક/નિ. |
|---|---|---|
| ૧ | રીકવરી અરજી નં.૩૭/૨૦૨૩ ના હુકમની નકલ. | ૩/૧ |
| ૨ | સામાવાળા નં.૧ ને લખેલ પત્રો તથા પોસ્ટ રસીદ, એકનોલ ેજમેન્ટની પહોચ | ૩/૨ થી ૩/૬ |
| ૩ | સામાવાળા નં.૧ નાએ નામ.ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એ. નં.૧૨૩૪/૨૦૨૫ ના હુકમની નકલ. | ૩/૭ |
| ૪ | અરજદારના આધારકાર્ડની નકલ. | ૩/૮ |
| ૫ | સામાવાળા નં.૧ નાએ નામ.ગુજરાત હાઈકોર્ટમાં એલ.પી.એ.નં .૨૦૦/૨૦૨૬ ના હુકમની નકલ. | ૧૯/૧ |

(૫) ત્યારબાદ અરજદાર તરફે આંક-૨૦ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૬) ત્યારબાદ સામાવાળા નં.૧ તરફે નીચે મુજબના મૌખીક પુરાવો રજુ થયેલ છે. પરંતુ કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ નથી.

**સામાવાળા નં.૧ તરફે મૌખીક પુરાવો**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળા તરફે ચીફ ઓફીસર પારસકુમાર હરસુખરાય મકવાણા નુ સરતપાસનુ સોગંદનામું | ૨૫ |

(૭) ત્યારબાદ સામાવાળા નં.૧ તરફે આંક-૨૬ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

(૮) અરજદાર તરફે વિ.પ્રતિનિધીશ્રી કે.એન.સોલંકીએ તથા સામાવાળા નં.૧ તરફે વિ. વકીલશ્રી જે.બી.સાવલીયાએ મૌખિક દલીલો કરેલ છે જે સાંભળી. જેની જરૂરી ચર્ચા હવે પછી યથાસ્થાને કરવામાં આવશે.

(૯) સદર કામે અરજદારના નિવેદનો, રજૂ મૌખિક, દસ્તાવેજી પૂરાવાઓ, રજૂઆત લક્ષમાં લેતા સદરહુ અરજીના ન્યાયનિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું અરજદાર આંક–૧ ની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૨) શું આખરી હુકમ ?

(૧૦) ઉપરોકત મુદાઓનો ન્યાય નિર્ણય નીચે જણાવેલ કારણોસર થાય છે.

**મુદા નં.૧** હકારમાં.

**મુદા નં.૨** આખરી હુકમ મુજબ

## –:: કા ર ણો ::–

(૧૧) **મુદા નં. ૧ :–**

સદર કામે અરજદારે હાલની આ અરજી ઔધોગીક વિવાદ ધારાની કલમ–૩૩ સી (૧) હેઠળ દાખલ હાલની અરજી દાખલ કરી રીકવરી અરજી નં.૩૭/૨૦૨૩ ના કામમાં પસાર કરવામાં આવેલ હુકમ સંદર્ભેની રકમ માટે રીકવરી સર્ટીફીકેટ ઈસ્યુ કરવા અંગે કરેલ છે. આ કામે અરજદાર તરફે આંક–૧૭ થી સોગંદ ઉપર જુબાની આપેલ છે જેમાં અરજદારએ આંક–૧ ની અરજી મુજબની હકીકતો જણાવી સામાવાળા સંસ્થા પાસેથી રીકવરી ૩૩(સી)(૨) નં.૩૭/૨૦૨૩ ના કામે થયેલ હુકમ મુજબની રકમ રૂા.૮,૪૯,૪૩૩/– તથા અરજી ખર્ચના રૂા.૨,૦૦૦/– વસુલ અપાવવા સામાવાળા સંસ્થા પાસેથી તેની જાત–મિલ્કતથી વસુલી શકાય તે મતલબનુ રેવન્યુ રાહે રીકવરી વોરંટ ઈસ્યુ કરવાની માંગણી કરેલ છે. અરજદારે તેઓની આંક–૧ ની હકીકતના સમર્થનમાં આંક–૧૭ થી પુરાવાનુ સોગંદનામું રજુ કરેલ છે જેમાં આંક–૧ ની હકીકતનુ

પુનરાવર્તન કરેલ છે જયારે સામાવાળા તરફે કરેલ ઉલટ તપાસમાં અરજદારે કબુલ કરેલ છે કે ''**એ વાત ખરી છે કે, નામ.મજુર અદાલત ના હુકમ સામે સામાવાળા નગરપાલિકા દ્વારા નામ. ગુજરાત હાઈકોર્ટમા અપીલ કરવામા આવેલ છે. સાહેદ સ્વેચ્છાયે જણાવે છે કે, અપીલ નીકળી ગયેલ છે.** એ વાત ખરી નથી કે, નગરપાલિકા પાસે ભંડોળ નથી તેથી રકમ ચુકવાયેલ નથી. એ વાત ખરી નથી કે, રીકવરી માં માંગેલી રકમ હુ મેળવવા હકદાર નથી. એ વાત ખરી નથી કે, સોગંદનામામાં ખોટી હકીકત જણાવુ છુ. એ વાત ખરી નથી કે, લેણી રકમ બાબતે અધિકૃત કોઈ આધાર રજુ નથી. એ વાત ખરી નથી કે, મુળ રેફરન્સ મુજબની રકમ ચુકવાય ગયેલ હોવા છતા હાલની ખોટી અરજી કરે છે.'' આ સિવાય અરજદાર તરફે અન્ય કોઈ મૌખિક પુરાવો રજુ થયેલ નથી.

જે સામે સામાવાળા નં.૧ તરફે આંક–૨૫ થી પારસકુમાર હરસુખરાય મકવાણાનુ સરતપાસનુ સોગંદનામું રજુ થયેલ છે જેમાં તેણે તેમના જવાબની ખરી હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. જે સામે ઉલટતપાસમાં જણાવે છે કે, ''**એ વાત ખરી છે કે, રીકવરી અરજીના હુકમ સામે સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન નામ. ગુજરાત હાઈકોર્ટમાં કરેલ જેમા પણ રીકવરી અરજીનો હુકમ કાયમ રહેલ. એ વાત ખરી છે કે, નામ.ગુજરાત હાઈકોર્ટમાં સદર હુકમ સામે એલપીએ કરેલ જેમા પણ રીકવરી અરજીનો હુકમ કાયમ રહેલ. એ વાત ખરી છે કે, આજદિન સુધી કામદારના પૈસા ચુકવવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, જનરલ બોર્ડમાં કરેલ દરખાસ્તના દસ્તાવેજો હાલના કામે રજુ કરેલ નથી.** એ વાતની મને ખબર નથી કે, એલપીએના હુકમ તા.૨૭/૨/૨૬ બાદ જનરલ બોર્ડ મળેલ છે કે નહી.''આ સિવાય સામાવાળા નં.૧ તરફે અન્ય કોઈ મૌખિક પુરાવો રજુ થયેલ નથી.

વધુમાં સામાવાળા નં.૧ તરફે તેમની દલીલોમાં નામદાર કોર્ટના હુકમ મુજબ કાર્યવાહી થવા વડી કચેરી પાસેથી માર્ગદર્શન માંગેલ હોય, તે મુજબ આગળ કાર્યવાહી થવા પર હોય, જેથી હાલની અરજી રદ કરવા રજુઆત કરેલ છે. જયારે અરજદાર તરફે દલીલોમાં જણાવે છે કે, રીકવરી અરજીની વિગતે નામદાર કોર્ટના હુકમ મુજબની રકમ ચુકવાયેલ નથી તથા તે મુજબની રકમ આજદિન સુધી ચુકવાયેલ નથી.

નામ.હાઈકોર્ટમાં જે રીટ પીટીશન સામાવાળાઓએ કરેલ તે રદ થયેલ છે અને હુકમની અમલવારી કયાય કોઈ રીતે મોકુફ રહેલ નથી. આવા સંજોગોમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોવાની રજુઆત કરેલ છે.

આમ, બંને પક્ષોની દલીલો તથા પુરાવા ધ્યાને લેતા તેમજ આ કામે અરજદારએ રજુ કરેલ આંક-૩/૧ થી રીકવરી(સી-૨) અરજી નં.૩૭/૨૦૨૩ ના કામમાં પસાર કરવામાં આવેલ હુકમ જોવામાં આવે તો, સામાવાળા નં.૧ પાસેથી રેફરન્સ (આઈ.ટી) કેસ નં.૨૨૫/૨૦૦૩ માં તા.૨૧/૮/૨૦૧૫ ના એવોર્ડ મુજબ પગાર તફાવતની રકમ રૂા.૮,૪૯,૪૩૩/- નામદાર કોર્ટમાં દિન-૩૦ માં જમા કરાવવાનો તેમજ જો સામાવાળા દિન-૩૦માં જમા કરાવવામાં કસુર કરે તો અરજદારની લેણી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૭% લેખે સાદા વ્યાજ સહીતની રકમ તથા અરજી ખર્ચના રૂા.૨૦૦૦/- મેળવવા હકકદાર હોવાનુ ઠરાવવામાં આવેલ હોવાનુ  જણાઈ આવે છે. વધુમાં સામાવાળા ધ્વારા રીકવરી અરજીના હુકમ મુજબની કોઈ રકમ અત્રેની અદાલતમાં જમા કરાવેલ હોય કે રીકવરી અરજીના હુકમ સામે હાલ કોઈ અપીલ પેન્ડીંગ હોય તેવુ જણાઈ આવતુ નથી. એ રીતે અરજદારો ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓની હકીકતોનો સામાવાળાઓ ધ્વારા હાજર રહી તેનાથી વિરૂધ્ધની કોઈ હકીકત કે મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી ત્યારે અરજદારએ રજુ કરેલ હકીકતો ન માનવાને કોઈ કારણ નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ અરજદાર રીકવરી અરજી નં.૩૭/૨૦૨૩ ના કામમાં કરવામાં આવેલ હુકમ સંદર્ભે રેફરન્સ કેસ નં .૨૨૫/૨૦૦૩ ના  તા.૨૧/૮/૧૫ ના એવોર્ડ મુજબ તેમજ રીકવરી સી-૨ અરજી નં .૩૭/૨૦૨૩ ના કામે થયેલ હુકમ મુજબ રકમ રૂા.૮,૪૯,૪૩૩/- ચુકવવામાં કસુર કરે તો હુકમના દિન-૩૦ બાદ એટલે કે તા.૯/૧૧/૨૦૨૪ થી આજરોજ હુકમ કર્યા તા.૨૯/૬/૨૦૨૬ સુધી સદર લેણી રકમ ઉપર ૭% લેખે સાદુ વ્યાજ રૂા.૯૭,૨૫૪/- તથા રીકવરી અરજી ખર્ચના રૂા.૨,૦૦૦/- એમ કુલ મળી **રૂા.૯,૪૮,૬૮૭/- (શબ્દોમાં રૂપિયા નવ લાખ અડતાલીસ હજાર છસો સત્યાસી પુરા)** મેળવવા હકકદાર બનતા હોય જેથી મુદા નં.૧ નો જવાબ તે રીતે '**હકાર**'માં આપી મુદા નં.૨

J.S.JADAV
JUDGE(J.D),LABOUR COURT,JUNAGADH

અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આથી અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદારોની રીકવરી (સી-૨) અરજી નં.૩૭/૨૦૨૩ ના કામમાં પસાર કરવામાં આવેલ હુકમ સંદર્ભે અરજદાર સામાવાળા નં.૧ પાસેથી રકમ રૂા.૮,૪૯,૪૩૩/- ચુકવવામાં કસુર કરે તો હુકમના દિન-૩૦ બાદ એટલે કે તા.૯/૧૧/૨૦૨૪ થી આજરોજ હુકમ કર્યા તા.૨૯/૬/૨૦૨૬ સુધી સદર લેણી રકમ ઉપર ૭% લેખે સાદા વ્યાજ સહીતની રકમ રૂા.૯૭,૨૫૪/- તથા રીકવરી અરજી ખર્ચના રૂા.૨,૦૦૦/- એમ કુલ મળી **રૂા.૯,૪૮,૬૮૭/- (શબ્દોમાં રૂપિયા નવ લાખ અડતાલીસ હજાર છસો સત્યાસી પુરા)** મેળવવા હકકદાર બનતા હોઈ, જેથી સદરહું રકમ રેવન્યુ રાહે વસુલ કરવા માટેનું રીકવરી સર્ટીફીકેટ સામાવાળા નં.૧ ના નામનું ઈસ્યુ કરી, સંબંધીત કલેકટરશ્રી, રીકવરી શાખા તરફ વસુલાત અર્થે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) કેસના સંજોગો જોતા ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ તારીખ ૨૯ મી, માહે: જુન, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ.
તા.૨૯/૦૬/૨૦૨૬

**(જે.એસ.જાદવ)**
પ્રમુખ અધિકારી, મજુર અદાલત,
જુનાગઢ. (જી.જે.૦૧૪૨૪)

J.S.JADAV
JUDGE(J.D),LABOUR COURT,JUNAGADH